રે.દિ.કે.નં. ૧૬૮/૨૦૧૪

—:: વાદીની આંક—૫ કામચલાઉ મનાઈહુકમની અરજી તળે હુકમ ::—

**(૧)** વાદીની હાલની મનાઈ અરજી વંચાણે લીધી તથા વાદી તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો જે આ કામે આંક : ૪ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ છે જે ઘ્યાને લીધા.

**(૨)** હાલની અરજી અન્વયે આ કામના પ્રતિવાદીઓને નોટીસ કરવામાં આવતા પ્રતિવાદી તરફે વિઘ્વાન વકીલશ્રીવી.એચ.ભટ્ટ નાઓ હાજર થયેલ છે અને આ કામે પ્રતિવાદી તરફે આંકઃ— ૧૧ થી પોતાનો જવાબ રજુ કરવામાં આવેલ છે જે ઘ્યાને લીધેલ છે. તેમજ વાદી તરફથી વિઘ્વાન વકીલશ્રી ડી.એમ.ચાવડાનાઓની વિગતવાર મૌખીક દલીલો સાંભળી તથા આંક—૨૫ થી રજુ કરેલ લેખિત દલીલ ઘ્યાને લીધી. તથા પ્રતિવાદી તરફે વિઘ્વાન વકીલશ્રી વી.એચ. ભટ્ટનાઓ ઘ્વારા રજુ કરવામાં આવેલ આંકઃ ૩ર ની લેખીત દલીલો ઘ્યાને લેવામાં આવેલ છે.

**(૩)** વાદી ઘ્વારા હાલની અરજી દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ ૩૯ નિયમ ૧—ર મુજબ આપી એવી દાદ માંગવામાં આવેલ છે કે,

(અ) દાવાવાળું ખેતર સ.નં. ૭૨૬/પૈકી૧ વાદી ખેડી ઉપજ નિપજ લે તેમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના માણસો એસાઈનીઓ, મળતીયા અવરોધ ઉભો કરી ખલ કરે કરાવે નહી તેમજ ખેતી કરતા અટકાવે નહી તેમજ વાદીના ખેતરમાં ગેરકાયદેસર પ્ર વેશ કરે કરાવે નહી તેવો કામચલાઉમનાઈહુકમ દાવાના આખરી નિકાલ સુધી ફરમાવવા તથા

(બ) આ કામના પ્રતિવાદી નં—૬ દાવાવાળું ખેતર અન્ય કોઈપણ વ્યકિતને ટ્રાન્સફર કરે કરાવે નહી કે બોજો કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈહુકમ હુકમ દાવો ચાલતા સમય દરમ્યાન કામ ચલાઉ મનાઈ હુકમ વાદીના લાભમાં આપવા મે. કરશોજી.

**(૪)** સદરહુ અરજી અને માંગવામાં આવેલ દાદ અનુસંધાને મારા મતે નિર્ણય માઅટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદા નં–૧ શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે?

મુદા નં–૨ શું વાદી સાબીત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે?

મુદા નં–૩ શું વાદીને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણાંમાં નિવારી ન શકાય તેવું નુકસાન થાય તેમ છે?

મુદા નં–૪ શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે પ્રમાણે છે.

મુદા નં–૧ અંશતઃ હકાર.

મુદા નં–૨ અંશતઃ હકાર

મુદા નં–૩ હકારમાં.

મુદા નં–૪ આખરી હુકમ પ્રમાણે.

ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે પ્રમાણે છે.

–:: <u>કા ર ણો</u> ::–

**<u>મુદા નં–૧</u>**

**(૬)** વાદી ધ્વારા હાલની અરજી દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ ૩૯ નિયમ – ૧–૨ મુજબ દાખલ કરવામાં આવેલ છે. ત્યારે હાલની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો : હુકમ : ૩૯ નિયમ ૧ જેમા કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેવા કેસઃ

કઈ પણ દાવામાં સોગંદનાા અથવા બીજી રીતે એવું સાબીત થાય કે–

(એ) દાવાનો કોઈ પણ પક્ષકાર દાવામાંની કોઈ પણ તકરારી મિલ્કત વેડફી નાખી કંઈ નુંકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવાજબી રીતે વેચાશે તેવી દહેશત છે અથવા

(બી) પોતાના લેણદારોને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મિલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરી નાખવાની બીક બતાવે છે અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે અથવા

(સી) દાવામાં તકરારી મિલ્કત સંબંધમાં, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોચાવાની પ્રતિવાદી ધમકી આપે છે.

ત્યારે હુકમ કરીને ન્યાયલય એવું કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકશે અથવા તે દાવાનો નિકાલ થતાં સુધી અથવા બીજો હુકમ ન થતાં સુધી, તે મિલ્કત વેડફાઈ જતી હોય તેને નુકશાન થતું હોય, તે બીજાને આપી દેવાતી હોય, તે ખસેડાતી હોય, તે અથવા તેનો નિકાલ થતો હોય તે બંધ રખાવવા તથા અટકાવવા માટે, અથવા દાવામાંની તકરાર મિલ્કતના સંબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોચાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકેશે.

**(૭)** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેવામાં વાદી તરફથી એવી હકીકત ફલીત કરવી પડે કે આ કામે તેઓ ઘ્વારા માંગવામાં આવેલ દાદ અન્વયે તેઓને દહેશત છે. જે અન્વયે આ કામે રજુ કરવામાં આવેલ રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો વાદી ઘ્વારા હાલની અરજી તા. ૭/૫/૨૦૧૩ ના રોજ દાખલ કરવામાં આવેલ ત્યાર બાદ સને ૨૦૧૫ ના વર્ષમાં સદર અરજી અન્વયે રજુઆતો કરવામાં આવેલ છે. ત્યારે જો વાદીને ખરેખર સદર વાદગ્રસ્ત જમીન પર પ્ર તિવાદી તેઓનો કબજો પડાવી દેશે કે તેઓના કબજાવાળી મિલ્કતમાં પેશકદમી કરશે તો તેઓ ઘ્વારા આટલા લાંબા સમય સુધી પોતાની આવી અરજી અન્વયે મૌન સેવેલ ન હોય, આમ, વાદીને હાલની અરજી અન્વયે કોઈ દહેશત હોવા બાબતે કોઈ અનુમાન થઈ શકે તેમ નથી. ત્યારે વાદી હાલની કાયદાકીય જોગવાઈ મુજબ કોઈ દાદ મેળવવા હકકદાર હોય તેમ જણાઈ આવતું નથી.

**(૮)** આ કામે વાદી પક્ષની રજુઆત જોતા તે એવી છે કે,વાદીઓના પિતા હેમાભાઈ શંકરભાઈ કોળી તથા પ્રતિવાદીઓના પિતા નરશીભાઈ શંકરભાઈ કોળી જેઓ સગાભાઈઓ હતા તેથી તેઓની સંયુકત મિલકતની વહેચણી થયેલી તે મુજબ વાદીના પિતા હેમાભાઈ શંકરભાઈ કોળીના ભાગે સ.નં. ૭૨૬/પૈકી ૨ હે.આરે. ૨—૨૬—૬૩ અને પ્રતિવાદીઓના પિતા નરશીભાઈ

શંકરભાઈના ભાગે સ.નં.૭૨૬/પૈકી૧ હે.આરે. ૨–૨૭–૬૪ વાળું આવેલ હતું.ત્યારબાદ વાદીઓના પતિ/પિતા તથા પ્રતિવાદીઓના પતિ/પિતા વચ્ચે વહેચણીમાં ફેરફાર થતા સ.નં. ૭૨૬/પૈકી ૧ હે.આરે– ૨–૨૭–૬૪ વાળું દાવાવાળું ખેતર કે જે પ્રતિવાદીઓના પિતાના ભાગે આવેલ તે વાદીઓના પિતાને આપવાનું નકકી કરેલ અને વહેચણીમાં ફેરફાર કરેલ અને તેની સામે વાદીઓના પતિ/પિતાએ સ.નં. ૪૫૫ પૈકી ખેતર પ્રતિવાદીઓના પિતાને વહેચણીમાં આપેલ. જેથી ત્યારથી દાવાવાળું ખેતર સ.નં. ૭૨૬/ પૈકી ૧ હે.આરે. ૨–૨૭–૬૪ વાળું વાદીના કબજા ભોગવટામાં છે અને તેમાં તેઓ વિના રોક ટોક ખેતી કરી ઉપજ નિપજ લેતા આવેલા છે.અને પ્રતિવાદીઓને દાવાવાળા ખેતરમાં કોઈ લેવાદેવા ન હોવાછતા આ કામના પ્રતિવાદીઓ નં–૧ થી ૫ નાએ દાવાવાળું ખેતર સ.નં. ૭૨૬/ પૈકી ૧ હે.આરે. ૨–૨૭–૬૪ વાળું પ્રતિવાદી નં:૬ નાને નિ.૪/૭ ના અધાટ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૮૧ તાઃ ૧ ૫–૧–૧૩ થી પાટડી સબ રજીસ્ટ્રાર કચેરીમાં ખોટો કરી આપેલ છે,આ દસ્તાવેજ ખોટો અને ગેરકાયદેસર છે, તેથી જો આ બોગસ દસ્તાવેજ આધારે પ્રતિવાદીઓએ રેવન્યું રેકર્ડમાં નોંધ પડાવેલ છે જો પ્રતિવાદી આ દસ્તાવેજ આધારે દાવાવાળું ખેતર અન્ય કોઈને વેચાણ કરી નાખે તેવી વાદીઓને દહેશત છે અને જો પ્રતિવાદી નં–૬ તેમ કરી નાખે તો વાદીઓને નાણામાં ન નીવારી શકાય તેવું નુકસાન થાય છે , જેથી માગ્યા મુજબનો કામચલાઉ માનાઈહુકમ ફરમાવવા રજુઆત કરેલ છે. આ કામે વાદીપક્ષની બીજી એક રજુઆત એવી છે કે, પ્રતિવાદીઓના પિતાએ દાવાવાળું ખેતર સુરેલ ગામની સીમના સ.નં. ૭૨૬/ પૈકી. ૧ હે.આરે. ૨–૨૭–૬૪ વાળું વાદીઓના પિતાને રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૮૨/૨૦૦૨ તાઃ ૧–૫–૨૦૦૨ નારોજ રુા. ૨૪૦૦૦/– માં અધાટ વેચાણ આપેલ છે , જેથી વાદીઓ દાવાવાળા ખેતરના કબજા ભોગવટામાં હતા અને જે પ્રતિવાદી નં–૨ સારી રીતે જાણતા હોવાછતા દાવાવાળું ખેતર પ્રતિ. નં–૧ થી ૫નાએ મળી પ્રતિ. નં–૬ ને નિ. ૪/૭ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૧/ તાઃ ૧૫–૧–૧૩ નો ખોટો અને ગેરકાયદેસરનો કરીવેચાણ આપેલ છે. જેથી વાદીઓના પિતાને પ્રથમ પ્રતિવાદીઓના પિતાએ દસ્તાવેજ કરી આપેલ હોઈ માલીક અને કબજેદાર વાદીઓ હોઈ જેથી માગ્યા મુજબ મનાઈહુકમ ફરમાવવા રજુઆત કરેલ છે.

(૯) આમ વાદીપક્ષની રજુઆતો જોતા વાદી તેની અરજીમાં એક તરફ એવી રજુઆત/ હકીકત જણાવે છે કે,દાવાવાળું ખેતર ભાઈઓ ભાગની વહેચણીમાં તેમના કબજા ભોગવટામાં આવેલ છે, જયારે બીજી તરફ એવી રજુઆત કરે છે કે, દાવાવાળું ખેતર પ્રતિવાદીઓ તરફથી

રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૮૨ ( નિ. ૪/૨ )ના આધારે તેમના એટલેકે વાદીના કબજા ભોગવટામાં આવેલ છે,ત્યારે સવાલ એ થાય છે કે દાવાવાળું ખેતર વાદીઓ પાસે કબજા ભોગવટામાં ભાઈઓ ભાગની વહેચણીથી આવેલ છે કે રજી. વેચાણ દસ્તવેજથી આવેલ છે ? તે અંગે વાદી પોતે જ સ્પષ્ટ નથી, તેથી આ કામે વાદી દાવાવાળા ખેતરના કબજામાં કઈ રીતે છે તેજ સ્પષ્ટ થતું નથી. તેમજ વાદીએ રજુ કરેલ નિ. ૪/૩ ગા.ન.નં. ૬ હકકપત્રકનો ઉતારો વંચાણે લેતા દાવાવાળું ખેતર નરશીભાઈ શંકરભાઈ કોળીના ખાતે ચાલતું હોવાનું અને તેઓનું તાઃ ૨૬–૧૦–૧૧ ના અવસાન થવાથી તેઓના વારસો હાલના પ્રતિવાદી નં. ૧ થી ૫ ના નામે વારસાઈ નોંધ નં. ૩૧૦૩ ની તાઃ ૧૪–૩–૧૨ નારોજ પાડવામાં આવી હોવાનું અને તે નોંધ તાઃ૨૬–૬–૧૨ નારોજ પ્રમાણીત કરવામાં આવી હોવાનું જણાય છે. પ્રથમદર્શનીયે જણાય છે. તેમજ વાદીઓએ રજુ કરેલ નિ. ૪/૫ ગા.ન.નં. ૭–૧૨ ના ઉતારાની હકીકત વંચાણે લેતા આ કામના પ્રતિવાદીઓ નં. ૧ થી ૫ ના ખાતે દાવાવાળું ખેતર ચાલતું હોવાનું પ્રથમદર્શનીયે જણાય આવે છે. તેવા સંજોગોમાં વાદીઓ દાવાવાળા ખેતરના કબજા ભોગવટામાં હોવાનું આ તબકકે માની કાય તેમ નથી.

(૧૦) આ કામે વાદીઓએ જણાવેલ છે કે, નિ.૪/૨ નો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૮૨/ ૨૦૦૨ તાઃ ૧–૫–૨૦૦૨ નો દાવાવાળા ખેતરનો અઘાટ વેચાણનો પ્રતિવાદીઓના પિતાએ વાદીઓના પિતાને કરી આપેલ છે તેની જાણ વાદીઓના પિતાએ વાદીઓને કરેલ ન હતી જેથી વાદીઓને આ બાબતની જાણ પાછળથી થયેલ છે, હવે દાવાવાળું ખેતર વાદીઓના પિતાને પ્રતિવાદીઓના પિતાએ રજી. દસ્તાવેજ નં. ૩૮૨ થી અઘાટ વેચાણ આપેલ છે કે કેમ તે તથા પ્રતિ. નં–૧ થી ૫ નાએ પ્રતિ. નં–૬ નાને દાવાવાળા ખેતર સબંધે રજી. દસ્તાવેજ નં. ૮૧ નિ.૪/૭ નો ખોટો અને બોગસ અને ગેરકાયદેસર કરી આપેલ છે કે કેમ તે એક પુરાવાનો વિષય છે અને પ્રતિવાદીઓએ પોતાના નામે વારસાઈ નોંધ પણ ખોટી કરાવી લીધી છે વિગેરે હકીકતો પુરાવો લીધા વગર હાલના તબકકે નકકી થઈ શકે તેમ નથી.તેમજ વાદીઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, તેઓએ દાવાવાળા ખેતર સબંધે રજી. વેચાણ દસ્તાવેજ આધારે નોંધ નં. ૩૨૮૭ ની તાઃ૧૪–૨–૧૩ ની પડાવેલ તે પણ પાટડી મામલતદારે તાઃ ૨૯–૪–૧૩ ના ગેરકાયેદસર મંજુર કરેલ છે તેમ જણાવેલ છે. અને આ કામના પ્રતિવાદી નં–૩ નવઘણભાઈએ નોંધ નં. ૩૨૭૮ ની પાટડી મામલતદાર તરફથી મંજુર કરવામાં આવી તેની સામે ,અને દાવાવાળું ખેતર પ્રતિવાદી નં–૧ થી ૫ નાએ પ્રતિ. નં–૬ ને તાઃ ૧

–૫–૨૦૦૨ નારોજ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૧ થી અઘાટ વેચાણ આપેલ,આ દસ્તાવેજ નં. ૮૧ ના આધારે આ કામના પ્રતિવાદી નં. ૬ નાએ રેવન્યું રેકર્ડમાં નોંધ નં.૩૨૭૩ ની પડાવેલ અને જે નોંધ પાટડી મામલતદારે તાઃ૨૯–૪–૧૩ નારોજ પ્રમાણીત કરેલ તેની સામે પણ વાદીઓએ વાંધા લઈ વાધા અરજી નિ. ૪/૧૩ ની તાઃ ૧–૨–૧૩ આપેલ,પરંતું વાદીઓએ રજુ કરેલ નિ. ૪/૧૫ તકરારી કે. નં. ૧૦૪/૧૩ ના ઠરાવની હકીકતો વંચાણે લેતા દાવાવાળા ખેતર સબંધે નિ. ૪/૮ થી નોંધ નં. ૩૨૭૩ વાળી સબંધે લેવામાં આવેલ તકરાર ગ્રાહય ન રાખીને પ્રતિવાદી નં.૬ ના ખાતે નોંધ નં. ૩૨૭૩ ની તાઃ ૧૫–૧–૧૩ નારોજ દાખલ થયેલ નોંધ પ્રમાણીત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના વાદીઓ તરફથી પાટડી મામલતદારના નોંધ નં. ૩૨૭૩ ની પ્રમાણીત કરવાના હુકમ સામે નાયબ કલેકટર પાટડી સમક્ષ આર.આર.ટી.અપીલ નં.૩૦/૧૩–૧૪ દાખલ કરેલ તેમાં પણ નાયબ કલેકટર તરફથી વાદીઓની વાંધા અપીલ નામંજુર કરેલાનું જણાય છે અને તે હકીકત પ્રતિવાદીઓના વિ.વ.શ્રીએ દલીલો સાથે રજુ રાખેલ નાયબ કલેકટર પાટડીના આર.આર.ટી.અપીલ નં. ૩૦/૧૩–૧૪ ના ઠરાવની તાઃ ૩૦–૧૧–૧૩ ની નકલ વંચાણે લેતા સ્પષ્ટ જણાય છે.અને તે રીતે નાયબ કલેકટર પાટડીના આર.આર.ટી.અપીલ નં.૩૦/૧૩–૧૪ ના ઠરાવની તાઃ ૩૦–૧૧–૧૩ ની નકલ વંચાણે તથા વાદીઓ દાવાવાળા ખેતરના કબજા ભોગવટામાં હોવાની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતું નથી.વાદીએ રજુ કરેલ નિ.૪/૧૦ ગા.ન.નં. ૭/૧૨ નો ઉતારો તથા નિ. ૪/૧૧ ગા.ન.નં. ૮ અ. નો ઉતારો ઘ્યાને લેતા સુરેલ ગામે આવે દાવાવાળું ખેતર સ.નં. ૭૨૬/૧ હે.આરે. ૨–૨૭–૬૩ આ કામના પ્રતિવાદી નં.૬ દેવાભાઈ ચેલાભાઈના ખાતે ચાલતું હોવાનું પ્રથમદર્શનીયે જણાય છે, પરંતું વાદીઓએ રજુ કરેલ સદર રેવન્યું રેકર્ડ જોતા તેઓ દાવાવાળા ખેતરના કબજા ભોગવટામાં હોવાનું અને તેમાં તેઓ ખેતી કરી ઉપજ નિપજ લેતા હોવાની કોઈ હકીકત પ્રથમદર્શનીયે ફલીત થતી નથી.

**(૧૧)** આમ, દાવા તારીખના રોજ આ કામના વાદીઓ વાદગ્રસ્ત ખેતર પર કબજેદાર હોવા બાબતે કોઈ પ્રથમ દર્શનીય દસ્તાવેજી આધારો રજુ કરી શકેલ નથી. ત્યારે વાદી તરફથી હાલની અરજી અન્વયે આવી કોઈ હકીકીત પ્રથમ દર્શનીય હકીકત ફલીત થતી નથી. ત્યારે આ કામે વાદીનો હાલનો અરજી અન્વયેનો કોઈ પ્રથમ દર્શનીય કેસ બનતો હોય તેમ જણાતું ન હોય, મુદ્દા નંબર ૧થી ૩ નો જવાબ " નકારમાં " આપવામાં આવે છે.

મુદ્દા નંબરઃ ૨

**(૧૨)** આ કામે વાદી ધ્વારા દાવા તારીખના રોજ પોતે વાદગ્રસ્ત ખેતર પર પોતે કબજેદાર હોવા બાબતે કોઈ પ્રથમ દર્શનીય હકીકત ફલીત કરી શકેલ નથી વધુંમા આ કામે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ અને ઉપર ચર્ચેલ દસ્તાવેજી આધાર પુરાવાની હકીકતો ધ્યાને લેતા આ કામે પ્ર તિવાદી પોતે વાદગ્રસ્ત જમીન પર કબજેદાર હોવા બાબતે દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે. અને દસ્તાવેજ મુજબ હાલ આ કામના પ્રતિવાદી નં–૬ પણ વાદગ્રસ્ત જમીન પર કબજેદાર હોવા બાબતે રજુઆતો કરવામાં આવેલ છે. ત્યારે જો હાલનો મનાઈ હુકમ અન્વયે જો હુકમ કરવામાં આવે તો આ કામે પ્રતિવાદી કબજો પોતે ગુમાવી બેસે તેવી હકીકત ફલીત થતી હોય, ત્યારે આ હાલની અરજી અન્વયે વાદી પોતે સગવડતાની સમતુલા પોતાના તરફેણમાં હોવા અંગેનો મુદૃા સાબીત કરવામાં નિષ્ફળ જતા હોય, મુદૃા નંબર – ૨ નો જવાબ " નકારમાં " આપવમાં આવે છે.

**<u>મુદૃા નંબર :૩</u>**

**(૧૧)** આ કામે હાલના મુદૃા અન્વયે વાદી તરફથી એવી હકીકત સાબીત કરવાની રહે છે કે, આ કામે જો હાલનો મનાઈ હુકમ મંજુર કરવામાં ન આવે તો તેઓને નાણાંમા ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે. જે અનુસંધાને આ કામે રજુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદી ધ્વારા વાદગ્રસ્ત જમીન પર દાવા તારીખના રોજ પોતે કબજેદાર હોવા બાબતે કોઈ પ્ર થમ દર્શનીય હકીકત સાબીત કરી શકેલ નથી તેમજ આ કામે સગવડતાની સમતુલા પણ તેઓની તરફેણમાં હોવા બાબતે કોઈ હકીકત ફલીત કરી શકેલ નથી. ત્યારે સદર અરજી અન્વયે તેઓને કોઈ નાણાંમા ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન જતું હોવા અંગે પણ કોઈ હકીકત ફલીત થતી નથી. ત્યારે હાલની અરજી અન્વયેના મુદૃા નંબર ૩નો જવાબ પણ " નકારમાં" આપવામાં આવે છે. આવે છે.

**<u>મુદૃા નંબર ૪</u>**

**(૧૨)** આ કામે ઉપરોત કરેલ ચર્ચા અને રજુ દસ્તાવેજી પુરાવાઓ આધારે વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નથી કે, આ કામે સગવડતાની સમતુલા પણ તેઓના તરફેણમાં હોવાનું સાબીત કરી શકેલ તેમજ આ કામે જો હાલનો મનાઈ હુકમ નામંજુર કરવામાં આવે તો તેઓને કોઈ નાણાંમા ભરપાઈ ન કરી શકાય તેવું કોઈ નુકશાન જતું હોય તે મુદૃો પણ સાબીત કરી શકેલ ન હોય ત્યારે મુદૃા નંબર ૪ નો જવાબ પણ " નકારમાં " આપી, વાદીની હાલની અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદીની હાલની આંક–પ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) સદરહુ અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તાઃ ૨૮મી ફેબૃઆરી સને ૨૦૧૫ ના ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તાઃ૨૮/૦૨/૨૦૧૫

( સુનિલ મનહરભાઈ કામદાર )
પ્રિન્સીપાલ સીવીલ જજ,
પાટડી.
GJ 00984